ટિયર 1 કેપિટલ (Tier 1 Capital) – સરળ સમજ

**Tier 1 Capital** એટલે બેંકની સૌથી મજબૂત અને મુખ્ય મૂડી ગણાય.
આ મૂડી બેંકને નુકસાન સહન કરવા અને સુરક્ષિત રીતે કામ ચાલુ રાખવામાં મદદ કરે છે.

**Tier 1 Capital માં શું આવે છે?**

**1. સભ્યો પાસેથી મળેલી શેર મૂડી**

બેંકના નિયમિત સભ્યો (જેને મતાધિકાર છે) પાસેથી વસુલ થયેલી શેર મૂડી. સભ્યો બેંકમાં શેર ખરીદે છે, એથી મળેલા પૈસા Tier 1 Capital ગણાય.

**2. Associate / Nominal સભ્યોનું યોગદાન**

જો બેંકના બાય-લૉઝ (નિયમો) અનુસાર Associate અથવા Nominal સભ્યોને શેર ફાળવવાની મંજૂરી હોય, અને આવા શેર પાછા ખેંચવા ઉપર નિયમિત સભ્યો જેવી મર્યાદાઓ લાગુ પડતી હોય, તો આવા સભ્યો પાસેથી મળેલ યોગદાન Tier 1 Capital માં ગણાશે.

**3. Non-refundable Admission Fees**

Associate અને Nominal સભ્યો પાસેથી વસુલ કરવામાં આવેલી એવી Contribution અથવા Admission Fees, જે પરત આપવાની નથી (non-refundable) જે ફી permanently બેંક પાસે જ રહે છે. અને જેને અલગથી ‘Reserve’ તરીકે રાખવામાં આવે છે, તે Tier 1 Capital માં ગણાશે.

**4. Perpetual Non-Cumulative Preference Shares (PNCPS)**

વિશેષ પ્રકારના preference shares, જે RBI ના નિયમો મુજબ હોય.

**5. Free Reserves:**
**ઓડિટ થયેલા હિસાબ મુજબની Free Reserves Tier 1 Capital માં ગણાશે. પરંતુ બહારની જવાબદારીઓ (outside liabilities) પૂરી કરવા માટે બનાવવામાં આવેલ reserves, Tier 1 Capital માં સામેલ નહીં થાય.**

**Loan loss, fraud થી થનારી ખોટ, investments અથવા અન્ય assets ની કિંમતમાં ઘટાડો (depreciation) અને અન્ય બહારની જવાબદારીઓ માટે બનાવેલી reserves / provisions ને Free Reserves માં ગણવામાં નહીં આવે.**

**(vii) Perpetual Debt Instruments (PDIs):**
**RBIના જણાવેલા નિયમો મુજબના Perpetual Debt Instruments (PDIs) પણ Tier 1 Capital માં ગણાશે.**

**6. Capital Reserves**

**Assets જેમકે બેન્ક નું જૂનું મકાન વેચવાથી મળેલી વધારાની રકમ (surplus profit) જે કેપિટલ રિઝર્વ માં ટ્રાન્સફર કરેલ હોય તે Tier 1 Capital માં ગણાશે**

**7. Perpetual Debt Instruments (PDIs)**

**RBIના જણાવેલા નિયમો મુજબના Perpetual Debt Instruments (PDIs) પણ Tier 1 Capital માં ગણાશે.**

**8. Profit and Loss Account માં રહેલો નેટ વધારાનો નફો (Surplus):**

**Dividend ચૂકવવા માટે રાખેલી રકમ, Education fund, અન્ય નિર્ધારિત funds અને asset loss વગેરે બાદ કરતાં Profit and Loss Account માં જે નફો બાકી (બેલેન્સ) રહે, તે Tier 1 Capital માં ગણાશે.**

**9. Special Reserve:**

Income Tax Act, 1961 ની Section 36(1)(viii) હેઠળ બનાવવામાં આવેલ Special Reserve (BDDR) માં રહેલી બાકી રકમ Tier 1 Capital માં ગણાશે.

**10. Revaluation Reserves:**

બેંકની મિલકત (property) નું ફરી મૂલ્યાંકન (revaluation) કરવાથી તેની book value માં થયેલા વધારા પરથી બનેલી Revaluation Reserves ને 55% ઘટાડા (discount) બાદ Tier 1 Capital તરીકે ગણાવી શકાય, પરંતુ નીચેની શરતો પૂર્ણ થવી જરૂરી છે:

શરતો:

**(a)** બેંક પોતાની ઇચ્છા મુજબ તે મિલકત સરળતાથી વેચી શકે તેવી હોય અને વેચાણ માટે કોઈ કાનૂની અડચણ ન હોવી જોઈએ.

**(b)** Revaluation Reserves ને Balance Sheet માં 'Reserve Fund and Other Reserves' હેઠળ અલગથી દર્શાવવા જોઈએ.

**(c)** Revaluation વાસ્તવિક હોવું જોઈએ અને લાગુ પડતા Accounting Standards મુજબ કરેલું હોવું જોઈએ.

**(d)** ઓછામાં ઓછા દરેક ત્રણ વર્ષે બે સ્વતંત્ર valuers પાસેથી valuation કરાવેલું હોવું જોઈએ.

**(e)** જો કોઈ ઘટનાને કારણે મિલકતની કિંમતમાં મોટો ઘટાડો થયો હોય, તો તરત જ ફરી valuation કરવું અને તેનો યોગ્ય અસર capital adequacy computation માં દર્શાવવી.

**(f)** બેંકના external auditor(s) એ property ના revaluation અંગે કોઈ qualified opinion આપેલ ન હોવો જોઈએ.

**(g)** Reserve Bank of India (Urban Co-operative Banks - Credit Risk Management) Directions, 2025 મુજબ property valuation અને અન્ય ખાસ જરૂરીયાતોનું પાલન કરેલું હોવું જોઈએ.

**જે Revaluation Reserves Tier 1 Capital માટે યોગ્ય નથી, તે Tier 2 Capital માટે પણ યોગ્ય ગણાશે નહીં.**

**નોંધ (Note)**

**(1) Building Fund**

**'Building Fund' હેઠળ રાખવામાં આવેલી રકમને Free Reserves નો ભાગ માનવામાં આવશે. જેથી તે ટીઅર ૧ કેપિટલ માં સમાવેશ કરી શકાય**

**(2) Bad and Doubtful Debt Reserve (BDDR)**

**નીચે જણાવેલ તમામ નિયમો અને સૂચનાઓનું પાલન કરતી 'Bad and Doubtful Debt Reserve (BDDR)' ને પણ Free Reserves તરીકે ગણવામાં આવશે.**

BDDR ના prudential treatment માટેની સૂચનાઓ નીચે મુજબ છે:

(i) FY 2024-25 થી, IRACP (Income Recognition, Asset Classification and Provisioning) norms મુજબ જરૂરી તમામ provisions, ભલે તે 'BDDR' હેઠળ હોય કે અન્ય કોઈ account head હેઠળ, તે જે accounting period માં ઓળખાય તે સમયગાળામાં Profit and Loss Account માં expense તરીકે દર્શાવવાના રહેશે.

આવી provisions regulatory capital માટે પાત્ર રહેશે કે નહીં તે capital adequacy સંબંધિત વર્તમાન guidelines મુજબ નક્કી થશે.

(ii) IRACP norms અને અન્ય લાગુ નિયમો મુજબની તમામ provisions Profit and Loss Account માં charge કર્યા પછી, બેંક જરૂર મુજબ net profit માંથી 'below the line' BDDR માં appropriation કરી શકે છે. (as per Gujarat Co-op Societies Act, 1962)

(iii) One-time Measure

Accounting standards મુજબ smoother transition અને rectification માટે નીચે મુજબ regulatory treatment નક્કી કરવામાં આવેલી છે:

(a) ભૂતકાળમાં કેટલીક બેંકોએ IRACP norms મુજબની provisions ને Profit and Loss Account માં expense તરીકે દર્શાવવાને બદલે net profit માંથી appropriation કરીને બનાવેલી હોઈ શકે. (as per Gujarat Co-op Societies Act, 1962)

31 માર્ચ 2024 સુધી BDDR માં રહેલી આવી provisions (જેને 'BDDR2024' કહેવામાં આવશે) ઓળખી અને તેની રકમ નક્કી કરવી પડશે.

(b) 31 માર્ચ 2025 સુધી, BDDR2024 જેટલી રકમ Profit and Loss Account અથવા General Reserves માંથી સીધી ('below the line') NPA provisions (liability) માં ટ્રાન્સફર કરવી પડશે. આ provisions ને Gross NPAs (GNPAs) માંથી ઘટાડીને Net NPAs (NNPAs) ગણવામાં મંજૂરી મળશે.

(c) જો BDDR માં રહેલી રકમ applicable statute મુજબ જરૂરી ન હોય, તો તે General Reserves અથવા Profit and Loss Account balance માં transfer કરી શકાય.

(d) ઉપરોક્ત entries કર્યા પછી BDDR balance ને Tier 1 Capital તરીકે ગણાવી શકાય. પરંતુ BDDR balance ને GNPAs માંથી ઘટાડીને NNPAs ગણવામાં આવશે નહીં.

(3) Dividend Equalisation Fund (DEF)

નફામાંથી appropriation કરીને બનાવવામાં આવેલ અને general reserves / free reserves માં transfer કરાયેલ Dividend Equalisation Fund (DEF) ને Tier 1 Capital ગણવામાં આવશે.

(4) Tier 1 Capital માં Fund સામેલ કરવા માટેની શરતો

કોઈ fund ને Tier 1 Capital માં ગણાવવા માટે નીચેની બે શરતો જરૂરી છે:

1. Fund net profit માંથી appropriation કરીને બનાવેલો હોવો જોઈએ.
2. Fund free reserve હોવો જોઈએ, specific reserve નહીં.

જો **fund profit** માંથી **appropriation** દ્વારા નહીં પરંતુ **profit** ઉપર **charge** કરીને બનાવેલો હોય, તો તે **provision** ગણાશે.

એવા **fund** ને માત્ર **Tier 2 Capital** તરીકે જ ગણાવી શકાય અને તે પણ **RBI** સરકયુલરના **Paragraph 14(i)** મુજબ તથા **RWAs** ના **1.25%** ની મર્યાદા હેઠળ, શરતે કે તે કોઈ ઓળખાયેલ **potential loss** અથવા **liability** માટે બનાવેલો ન હોય.

**(5) Innovative Perpetual Debt Instruments (IPDIs)**

**RBI** સરકયુલરના **Paragraph 13** માં નક્કી કરેલી મર્યાદા હેઠળ **Outstanding IPDIs** ને પણ **Tier 1 Capital** તરીકે ગણાવી શકાય.

**(6) Regulatory Capital** માંથી **Deduction**

**(i)** નીચેની વસ્તુઓ **Tier 1 Capital** માંથી ઘટાડવામાં આવશે:

- **Intangible assets**
- હાલના વર્ષનું નુકસાન
- અગાઉના વર્ષોના **carry forward losses**
- **NPA provisions** માં **deficit**
- **NPAs** પર ખોટી રીતે ઓળખાયેલી **income**
- બેંક ઉપર આવેલી **liability** માટે જરૂરી **provision** વગેરે

**(ii)** જો **UCB** એ કોઈ **AIF scheme** માં **subordinated units** સ્વરૂપે **contribution** કર્યું હોય, તો તે આખું **investment Tier 1** અને **Tier 2 Capital** માંથી **proportionately** ઘટાડવું પડશે. આ માટે **UCB** એ **RBI (Urban Co-operative Banks – Undertaking of Financial Services) Directions, 2025** નો પણ સંદર્ભ લેવો.

તે ઉપરાંત **loan exposures transfer** અને **Government guaranteed Security Receipts (SR)** સંબંધિત **unrealised profits** ના **prudential treatment** માટે **RBI (Urban Co-operative Banks – Transfer and Distribution of Credit Risk) Directions, 2025** નું પાલન કરવું પડશે.

**(iii) RBI (Urban Co-operative Banks – Credit Facilities) Directions, 2025** મુજબ, જો બેંક **Default Loss Guarantee (DLG) provider** હોય, તો **outstanding DLG** ની સંપૂર્ણ રકમ તેની **capital** માંથી ઘટાડવી પડશે.